# સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦


વંચાણે લીધો : 1. ઉધોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ તા.03/0૨/૨૦૨૧

2. અત્રેની કચેરીની નોંધ પર તા.૨૪/03/૨૦૨૧ના રોજ માન.કુલપતિશ્રીએ આપેલ મંજુરી

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, GeM (ગર્વમેન્ટ ઇ-માર્કેટ પ્લેસ) પરથી ખરીદી કરવા અંગેનો વંચાણે લીધેલ સંદર્ભિત ઠરાવ આ સાથે સામેલ છે જેની અમલવારી કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, વંચાણે લીધેલ ઠરાવના મુદ્દાનં. ૨ (અ)માં દર્શાવ્યા મુજબ GeM મારફત ખરીદવાની થતી ચીજવસ્તુ/સેવાની પસંદગી માટે તેના સ્પેશીફીકેશન નકકી કરવા કચેરીની આંતરીક કમિટીની રચના કરવાની રહેશે તેમજ સદર કમિટીએ ઠરાવના મુદ્દાનં. ૨ (અ)માં દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે. સદર કમિટીની રચના જે તે યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓએ નીચે દર્શાવ્યા મુજબની વિગતે કરવાની રહેશે તેમજ તેની એક નકલ અત્રેની કચેરીએ મોકલી આપવાની રહેશે.

આ બાબતે વંચાણે લીધેલ અત્રેની કચેરીની નોંધ પર માન.કુલપતિશ્રી દ્વારા મંજુરી આપવામાં આવેલ છે.

વધુમાં, ખરીદીની દરખાસ્ત રજુ કરતી વખતે સંબંધિત યુનિટ/સબ યુનિટ/વિભાગે સદર કમિટીનો સ્પેશીફીકેશન નકકી કરવા અંગેનો અહેવાલ અવશ્ય સામેલ કરવાનો રહેશે તેમજ GeM પરથી પ્રિન્ટ કરવામાં આવેલ જરૂરી કાગળ પર સદર કમિટીએ સહિ કરવાની રહેશે.

કમિટી

| | | |
|---|---|---|
| ૧ | યુનિટ / સબ યુનિટ વડા | અધ્યક્ષ |
| ૨ | ખરીદી સાથે સંકળાયેલ અધિકારી / કર્મચારી (વધુમાં વધુ બે) | સભ્ય |
| 3 | એકાઉન્ટ સાથે સંકળાયેલ અધિકારી / કર્મચારી | સભ્ય |
| ૪ | વર્ગ-૨થી ઉતરતી કક્ષાના ન હોય તેવા અધિકારી | સભ્ય સચિવ |
| ૫ | જરૂર હોય તો તકનિકી નિષ્ણાત | આમંત્રિત |

સામેલ : ઉપર મુજબ

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/ ૧૨૫૯૬ /૨૦૨૧
તા.૨૬ /03/૨૦૨૧

નકલ રવાના પ્રતિ,

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ

૨. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ

નકલ સવિનય રવાના જાણ સારૂ, પ્રતિ

૧. સચિવશ્રી, કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨. અધિક મુખ્ય સચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. ઉધોગ કમિશનરશ્રી, ઉધોગ કમિશનરશ્રીની કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર

Powered By: IT Center AAU,Anand

registrar aau <registrar@aau.in>

# રાજ્યના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ, જિલ્લા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ વિગેરે) દ્વારા થતી ચીજ-વસ્તુઓ / સેવાઓની ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (Gem) પોર્ટલ મારફત કરવા અંગે.

**Madhuri Shah (GoG-Agriculture Dept.)** <so-m3-agri@gujarat.gov.in> Wed, Mar 3, 2021 at 11:35 AM
To: Atma <sameti.gujarat@gmail.com>, "B J Paramar ( Gusheel )" <gswdcgandhinagar@yahoo.com>, "B M Modi(GOG-Agri Dept.)" <dir-agr@gujarat.gov.in>, bij nigam <md@gurabini.com>, bij pramaanan <gsscatech5@gmail.com>, "CEO, SUPERVISION & AUDITE COMMITTEE" <exoff-agri-ahd@gujarat.gov.in>, Commi-Fisheries <commi-fisheries@gujarat.gov.in>, "D.P. Desai (GoG-Agriculture Dept.)" <rcs@gujarat.gov.in>, "DIR-AH-GUJ(GoG-Agriculture Dept.)" <dir-anml@gujarat.gov.in>, "director.apmc2018@gmail.com" <director.apmc2018@gmail.com>, "directorsugar@gmail.com" <directorsugar@gmail.com>, "Dr. H N Kher ( Registrar SDAU )" <registrar@sdau.edu.in>, "Dr. P P Patel ( agri council )" <saucouncil@gmail.com>, "Dr. P R Vaishnav ( Registrar AAU )" <registrar@aau.in>, "Dr. P.M.Vaghasiya(GoG-Agriculture Dept.)" <dir-bag@gujarat.gov.in>, "Dr.R L Shilani (Registrar JAU )" <registrar@jau.in>, "drpr69@gmail.com" <drpr69@gmail.com>, "gauseva.gov@gmail.com" <gauseva.gov@gmail.com>, GOPCA GOPCA GOPCA <dirgopca@gmail.com>, "gsamboard@yahoo.co.in" <gsamboard2014@yahoo.com>, "gsamboard2017@gmail.com" <gsamboard2017@gmail.com>, "gsctribunal@gmail.com" <gsctribunal@gmail.com>, GSWC ltd.." <aogswc@yahoo.co.in>, "Guj. Central Fisheries Ltd" <gujaratfisheries@yahoo.com>, KAMDHENU UNIVERSITY <registrar.kamdhenuuniversity@gmail.com>, MD GAICL <md.gaicl@gmail.com>, "mp@gurabini.com" <mp@gurabini.com>, "registrar@gvc.org.in" <registrar@gvc.org.in>, "registrar@ku-guj.com" <registrar@ku-guj.com>, "registrarnau@yahoo.co.in" <registrarnau@yahoo.co.in>, "shishirsinh.j.solanki(GoG-Agri Dept.)" <dir-gssca@gujarat.gov.in>, "V.B. Mecwan (GoG-GSLD Dept.)" <md-gsld@gujarat.gov.in>, "vc.goau@gmail.com" <vc.goau@gmail.com>, "gldb.gandhinagar@gmail.com" <gldb.gandhinagar@gmail.com>, "L K Jogal(GoG-Agriculture Dept.)" <us-estt-agri@gujarat.gov.in>
Cc: "Anita P Zula (GoG-Agriculture Dept.)" <ds-esta-agri@gujarat.gov.in>, "Shri Ravindra D khatale (GoG-Agri Dept.)" <ds-agri-gnr@gujarat.gov.in>, "Anita p Zula(GoG-Agri Dept.)" <dsagri-uni-gnr@gujarat.gov.in>, "K V PATEL(GoG-Agricultural Dept.)" <ds-coop-agri@gujarat.gov.in>, K V Patel <ds-credit-agri@gujarat.gov.in>, "K N Trivedi (GoG-Agriculture Dept.)" <ds-anihus-agri@gujarat.gov.in>, K R RATHVA <ds-bud-agri@gujarat.gov.in>, "M B PATEL (GoG-Agricultural Dept.)" <ds-appeal-agri@gujarat.gov.in>

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૨/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ ની નકલ આ સાથે જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે.

Office of the Registrar
A.A.U., ANAND.
14 MAR 2021
INWARD NO. 1898

Office of the Director of Research A.A.U., Anand.
15 MAR 2021
Inward No. 12777

*M. Kiranchandra*
***Section Officer ( M-3)***
***Agriculture,Farmer Welfare & Co-Operation Department***
***Ph-232 50849***

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

આણંદ કૃષિ યુનિવર્સિટી,

આણંદ

**નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.**

સંશોધન નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નં. આકૃયુ/રજિ/સંકલન/ ૨૦૮૭ /૨૦૨૧
તા. ૧૭/૦૩/૨૦૨૧

કુલસચિવ

રાજ્યના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ(મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ વિગેરે) દ્વારા થતી ચીજ-વસ્તુઓ/સેવાઓની ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ(GeM) પોર્ટલ મારફત કરવા અંગે

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૩-૦૨-૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) ડાયરેક્ટર જનરલ, ડી.જી.એસ.એન્ડ.ડી., મીનીસ્ટ્રી ઓફ કોમર્સનો તા.૭/૧૦/૨૦૧૬નો ડી.ઓ. પત્ર ક્રમાંક: ૩૫૮૪/જીઈએમ/ડી.જી.એસ.એન્ડ.ડી./૨૦૧૬
(૨) સચિવશ્રી, મીનીસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ભારત સરકારનો તા.૭/૬/૨૦૧૭ નો ડી.ઓ. પત્ર ક્રમાંક: પ્રોક.રીફોમર્સ-૧૭-એમ.ઓ.યુ.-૨૦૧૭-આરએનએલ
(૩) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૧૫/૦૭/૨૦૧૭નો પરિપત્ર ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ
(૪) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૧૪/૦૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-(બો/કોર્પો.)-ચ
(૫) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા. ૦૪/૧૦/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ
(૬) નાણા વિભાગનો તા.૧૨/૦૯/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:જીએફઆર-૧૦૨૦૧૭-૮૦૫-૪૧૮૦૪૪-ઝ.
(૭) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૦૧/૧૦/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ
(૮) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૦૫/૧૨/૨૦૧૮ નો પરિપત્ર ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૮-જી.ઈ.એમ.-ચ

**આમુખ:-**

ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલની નેશનલ ઈ-ગર્વનન્સ ડીવીઝનની સહાયથી રચના કરવામાં આવેલ છે. ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલ એ સરકારી ખરીદીઓ માટેનું સંપૂર્ણપણે ઓનલાઈન સેવા પૂરી પાડતું પોર્ટલ છે. પ્રસ્તુત પોર્ટલ શ્રેષ્ઠ કાર્યક્ષમતા તેમજ પારદર્શિતા પૂરી પાડે છે.

પ્રસ્તુત બાબતે ભારત સરકારના ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલના ઉપયોગ માટે રાજ્ય સરકાર વતી ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.), ભારત સરકાર સાથે તા.૧૧/૦૭/૨૦૧૭ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

ચીજવસ્તુઓ તેમજ સેવાઓ પૂરી પાડતા રાજ્યના સ્થાનિક ઉત્પાદક તેમજ વિક્રેતાઓના હિતમાં તેમજ આવા સ્થાનિક ઉત્પાદક તેમજ વિક્રેતાઓ પાસેથી જ વધુમાં વધુ સરકારી ખરીદી થઈ શકે તે હેતુને ધ્યાને લઈ રાજ્ય સરકારના તમામ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, ક્ષેત્રીય કચેરીઓ તેમજ રાજ્યના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિગેરે દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલ મારફત થાય અને રાજ્યના વધુમાં વધુ સ્થાનિક વિક્રેતાઓ ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાવે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા તેમજ તેમના રજીસ્ટ્રેશનની કાર્યવાહી માટે જરૂરી તમામ પ્રયત્નો/સહાયતા કરવા વંચાણે લીધા ક્રમાંક (૩) થી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

રાજ્ય સરકારના તમામ રાજ્યના બોર્ડ/કોર્પોરેશન/સોસાયટીઓ/કંપનીઓ/સંસ્થાઓ વિગેરે દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલ મારફત તેમની જરૂરીયાત અનુસાર વિવિધ ખરીદીઓ કરવામાં આવે, તે અંગે ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૪) થી જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

રાજ્ય સરકારના વહીવટી વિભાગો તેમજ ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા તાલુકા કક્ષાની કચેરીઓ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પણ તેમના દ્વારા કરાતી ખરીદીઓ ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલ મારફત કરે તે બાબતે વંચાણે લીધા ક્રમાંક (૫) થી સુચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

ઉક્ત બાબતે કેન્દ્ર સરકારના વિવિધ મેમોરેન્ડમથી પ્રસિદ્ધ થયેલી કેટલીક સુચનાઓનો સમાવેશ કરવા તથા ખરીદી પ્રક્રિયામાં સરળીકરણ લાવવાના હેતુથી જરૂરી સુચનાઓ પ્રસિદ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:–**

સરકારશ્રી વિચારણાના અંતે, રાજ્ય સરકારના તમામ વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિગેરે દ્વારા થતી તમામ ખરીદી ગવર્નમેન્ટ ઈ–માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલ મારફત જ નીચેની પ્રક્રિયા અનુસરીને કરવા આથી ઠરાવવામાં આવે છે.

**૧. રજીસ્ટ્રેશન**

Government e-Marketplace (GeM) ઉપર રજીસ્ટ્રેશન કરાવવા માટે પૂર્વ જરૂરિયાત તરીકે રજીસ્ટ્રેશન કરાવનાર સંબંધિત અધિકારી/કર્મચારીનું nic.in/gov.in/gembuyer.in વિગેરે domain સાથેનું સરકારી ઈ–મેઈલ એડ્રેસ જરૂરી છે. જો ન હોય તો મેળવી લેવાનું રહેશે.

રાજ્યના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ) વિગેરે એ Government e-Marketplace (GeM) પોર્ટલ ઉપર નીચેની વિગતે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

(અ) પ્રાઇમરી યુઝર : વહીવટી વિભાગ, ખાતાના વડાઓ અથવા તેમના દ્વારા અધિકૃત શ્રેયાન અધિકારી તેમજ જિલ્લા/તાલુકા કચેરીના વડા

(બ) ખરીદ અધિકારી (Buyer) : કચેરીના વર્ગ-૧ અથવા વર્ગ-૨ કક્ષાના અધિકારી અથવા કચેરીના શ્રેયાન કર્મચારી

(ક) ઉપાડ અને વહેંચણી અધિકારી (Drawing and Disbursing Officer): વર્ગ-૧ અથવા વર્ગ-૨ કક્ષાના હિસાબી અધિકારી અથવા ઉપાડ અધિકારી તરીકેની કામગીરી કરતા અધિકારી

(ડ) માલ સ્વીકારનાર(Consignee) : કચેરીના સંબંધિત અધિકારી / કર્મચારી

## ૨. ખરીદવાની ચીજવસ્તુ/સેવાની પસંદગી

(અ) GeM મારફત ખરીદવાની થતી ચીજવસ્તુ/સેવાની પસંદગી માટે તેના સ્પેશીફિકેશન નક્કી કરવા માટે જે તે ખરીદકર્તા રાજ્યના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા/તાલુકા કચેરીઓ તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિગેરેએ તેઓની કચેરીની આંતરિક કમિટીની રચના કરવાની રહેશે અને તેની નકલ તેઓના સંબંધિત વિભાગને, ઉદ્યોગ અને ખાણ વિભાગને તથા સી.એસ.પી.ઓ કચેરીને આપવાની રહેશે.

આ કમિટીએ GeM પર ઉપલબ્ધ ચીજવસ્તુ/સેવાના ગોલ્ડન પેરામીટર/કેટલોગ સ્પેશીફિકેશનને ધ્યાને લઇ ખરીદી હેઠળની ચીજવસ્તુના ટેક્નિકલ સ્પેસિફિકેશન નક્કી કરવાના રહેશે તથા GeM પરની Terms & Conditionsને ધ્યાને લઇ અન્ય તમામ બાબતો/શરતો નક્કી કરવાની રહેશે.

(બ) આઈ.ટી. અંગેની ખરીદી માટે GeM Portal પર ઉપલબ્ધ હાર્ડવેર અને ઉપલબ્ધ સોફ્ટવેર GeM Portal મારફત જ ખરીદવાના રહેશે. હાર્ડવેર તથા સોફ્ટવેરની ખરીદી માટેના ટેકનીકલ સ્પેસીફીકેશન નિયત કરવા માટે ખરીદકર્તા કચેરી જરૂર જણાયે, ગુજરાત ઇન્ફોર્મેટીક લીમીટેડ(GIL)નું માર્ગદર્શન મેળવી શકે છે.

## ૩. GeM પર ઉપલબ્ધ ન હોય તેવી ચીજ-વસ્તુ/સેવા GeM સિવાય ખરીદી કરવા માટે પૂર્વમંજુરી મેળવવા અંગે

GeM પર ઉપલબ્ધ ન હોય તેવી ચીજ-વસ્તુ/સેવાઓ GeM પર ઉપલબ્ધ થાય તે માટે જે તે ખરીદકર્તા કચેરીએ GeM પોર્ટલ પર Request કરવાની રહેશે. તેમ છતાં ઉપલબ્ધ ન થાય તો નીચે મુજબની કાર્યવાહી કરવાની મેળવવાની રહેશે.

(અ) રૂ.૨૫,૦૦૦ સુધીની ચીજવસ્તુ/સેવા GeM પર ઉપલબ્ધ નથી તે અંગેની કચેરીના વડા નોંધ ફાઇલ પર કરી GeM સિવાય ખરીદી કરી શકશે.

(બ) રૂ.૨૫,૦૦૦ થી વધુ કિમતની ખરીદી કરવા માટે ખરીદકર્તા કચેરીએ ખાતાના વડા મારફત ઉદ્યોગ કમિશનર કચેરીને દરખાસ્ત કરવાની રહેશે.

GeM પર ઉપલબ્ધ ન હોય તેવી રૂ.૨૫,૦૦૦ થી વધુ કિંમતની ચીજવસ્તુ/સેવા માટે ખરીદકર્તા કચેરીએ નીચેની વિગતે પૂર્વ મંજુરી મેળવી ખરીદનીતિની પ્રવર્તમાન સુચનાઓ અનુસાર ખરીદ પ્રકિયા હાથ ધરવાની રહેશે.

- રૂ. ૨૫,૦૦૦ થી એક કરોડ સુધી : ઉદ્યોગ કમિશનરશ્રી અથવા ઉદ્યોગ અને ખાણ વિભાગ
- રૂ. એક કરોડથી વધુ : અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ

**(નોંધ:- ઉદ્યોગ અને ખાણ વિભાગને પૂર્વ મંજૂરી મેળવવા માટેની કોઈપણ દરખાસ્તો કચેરીઓએ સીધેસીધી નહિ પરંતુ સચિવાલયના સબંધિત વહીવટી વિભાગ મારફતે રજૂ કરેલ હશે તો જ ધ્યાને લેવામાં આવશે.)**

**૪. GeM પોર્ટલ પર ચીજવસ્તુ/સેવાઓની ખરીદીના અમલીકરણ માટે નીચે મુજબની ખરીદ સમિતિઓ રહેશે:**

**(અ) જિલ્લા કક્ષાની સત્તાધિકાર ખરીદ સમિતિ (DLPC)**

| | | |
|---|---|---|
| ૧ | સંબંધિત ખરીદકર્તા જિલ્લા કચેરીના વડાશ્રી | અધ્યક્ષ |
| ૨ | જિલ્લા તિજોરી અધિકારીશ્રી/હિસાબી અધિકારીશ્રી-જિલ્લા પંચાયત (ઉ.ખા.વિ ના તા.૦૩-૦૩-૨૦૨૦ ના પરિપત્ર ક્ર.પરચ-૧૦૨૦૧૯-૭૩-ચ મુજબ) | સભ્ય |
| ૩ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી | સભ્ય |
| ૪ | સંબંધિત ખરીદકર્તા જિલ્લા કચેરીના હિસાબી અધિકારીશ્રી | સભ્ય સચિવ |
| ૫ | જરૂર હોય તો તકનિકી નિષ્ણાત | આમંત્રિત |

નોંધ : જિલ્લા કક્ષાની કચેરીના વડા વર્ગ-૨ના અધિકારી હોય તે કિસ્સામાં સમિતિના વર્ગ-૧ના શ્રેયાન અધિકારી અધ્યક્ષ તરીકે રહેશે.

**(બ) (i)ખાતાના વડા કક્ષાની ખાતાકીય ખરીદ સમિતિ (DPC) :-**

| | | |
|---|---|---|
| ૧ | ખાતાના વડા | અધ્યક્ષ |
| ૨ | નાયબ સચિવશ્રી ઊતરતી કક્ષાના ન હોય તેવા સંબંધિત વહિવટી વિભાગના પ્રતિનિધી | સભ્ય |
| ૩ | ખાતાના વડાની કચેરીના સિનિયર હિસાબી અધિકારી | સભ્ય |
| ૪ | વર્ગ-૧ થી ઊતરતી કક્ષાના ન હોય તેવા વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ / GIL ના પ્રતિનિધી (આઈ.ટી. હાર્ડવેર અને સોફ્ટવેરની ખરીદી હોય તેવા કિસ્સાઓમાં) | સભ્ય |
| ૫ | વર્ગ-૧ થી ઊતરતી કક્ષાના ન હોય તેવા, મધ્યસ્થ સરંજામ ખરીદતંત્રના અધિકારી | સભ્ય |

| | | |
|---|---|---|
| ૬ | વર્ગ–૧ થી ઉતરતી કક્ષાના ન હોય તેવા સિનિયર અધિકારી | સભ્ય સચિવ |
| ૭ | જરૂર હોય તો તકનિકી નિષ્ણાત | આમંત્રિત |

### (ii)સચિવાલયના વહીવટી વિભાગ માટે વિભાગની પેટા ખરીદ સમિતિ (DPC સમકક્ષ)

| | | |
|---|---|---|
| ૧ | વહીવટી વિભાગના સિનિયર અધિક/સંયુક્ત/નાયબ સચિવ | અધ્યક્ષ |
| ૨ | નાયબ સચિવશ્રી ઊતરતી કક્ષાના ન હોય તેવા વહિવટી વિભાગના પ્રતિનિધી | સભ્ય |
| ૩ | સંબંધિત વિભાગના નાણાકિય સલાહકાર | સભ્ય |
| ૪ | વર્ગ–૧ થી ઊતરતી કક્ષાના ન હોય તેવા વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ / GIL ના પ્રતિનિધી (આઈ.ટી. હાર્ડવેર અને સોફ્ટવેરની ખરીદી હોય તેવા કિસ્સાઓમાં) | સભ્ય |
| ૫ | વર્ગ–૧ થી ઊતરતી કક્ષાના ન હોય તેવા, મધ્યસ્થ સરંજામ ખરીદતંત્રના અધિકારી | સભ્ય |
| ૬ | વર્ગ–૧ થી ઉતરતી કક્ષાના ન હોય તેવા સિનિયર અધિકારી | સભ્ય સચિવ |
| ૭ | જરૂર હોય તો તકનિકી નિષ્ણાત | આમંત્રિત |

### (ક) સેક્રેટરીયેટ ડીપાર્ટમેન્ટલ પરચેજ સમિતિ (SDPC) :

| | | |
|---|---|---|
| ૧ | સંબંધિત વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| ૨ | સંબંધિત વિભાગના નાણાકિય સલાહકાર | સભ્ય |
| ૩ | નાયબ સચિવશ્રીથી ઊતરતી કક્ષાના ન હોય તેવા વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના પ્રતિનિધી (આઇ.ટી હાર્ડવેર અને સોફ્ટવેરની ખરીદી હોય તેવા કિસ્સાઓમાં) | સભ્ય |
| ૪ | નાયબ ઉદ્યોગ કમિશનર અથવા વર્ગ–૧ થી ઉતરતી કક્ષાના ન હોય તેવા, મધ્યસ્થ સરંજામ ખરીદતંત્રના પ્રતિનિધી | સભ્ય |
| ૫ | ખાતાના વડા અથવા સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી | સભ્ય સચિવ |
| ૬ | જરૂર હોય તો તકનિકી નિષ્ણાત | આમંત્રિત |

### (ડ) સેક્રેટરીઝ પરચેજ સમિતિ (SPC) :

| | |
|---|---|
| ૧ | ખરીદકર્તા કચેરીના વહીવટી વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી |
| ૨ | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ |

| | |
|---|---|
| ૩ | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ |
| ૪ | સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ(આઇ.ટી હાર્ડવેર અને સોફ્ટવેરની ખરીદી હોય તેવા કિસ્સાઓમાં) |
| ૫ | સંબધિત ખાતાના વડા/ખાતાકીય ખરીદ સમિતિના વડા |
| ૬ | અધિક ઉદ્યોગ કમિશનર (સ.ખ.), ઉદ્યોગ કમિશનરની કચેરી– સભ્ય સચિવ |
| ૭ | જરૂર હોય તો તકનિકી નિષ્ણાત (આમંત્રિત) |

નોંધ : સેક્રેટરીઝ પરચેઝ સમિતિના સભ્યશ્રીઓ પૈકી શ્રેયાન અધિકારી સમિતિના અધ્યક્ષ રહેશે.

ઉપરની ખરીદ સમિતિઓ રાજ્ય સરકારના વિભાગો, ખાતાના વડાઓ અને કચેરીઓની ખરીદી માટે છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ (મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ વિ.) તેઓની ખરીદી માટે નિયત સક્ષમ સત્તા/કમિટીની મંજુરી મેળવવાની રહેશે.

**૫. ખરીદ સમિતિઓની નાણાકિય સત્તા મર્યાદા**

**(અ) જિલ્લા કક્ષાની ખરીદ સમિતિ (DLPC)**

| **ક્રમ** | **ખરીદીનો પ્રકાર** | **ખરીદીની મંજુરી અંગેની નાણાકીય મર્યાદા** |
|---|---|---|
| ૧ | સામાન્ય ખરીદી | રૂ.૨૫,૦૦૦ થી વધુ અને રૂ.૫ લાખ સુધી |
| ૨ | સોલીટરી ઓફર (ફક્ત એક જ બીડરનું ફાઇનાન્સીયલ બીડ ઓપન થયેલ હોય તે ઓફર) | સત્તા નથી |
| ૩ | Proprietary Article Certificate(PAC) | સત્તા નથી |

**(બ) ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટી (DPC)/વહીવટી વિભાગ માટે વિભાગની પેટા ખરીદ સમિતિ**

| **ક્રમ** | **ખરીદીનો પ્રકાર** | **ખરીદીની મંજુરી અંગેની નાણાકીય મર્યાદા** |
|---|---|---|
| ૧ | સામાન્ય ખરીદી | રૂ.૨૫,૦૦૦ થી વધુ અને રૂ.૭૫ લાખ સુધી |
| ૨ | સોલીટરી ઓફર | રૂ.૧૦ લાખ સુધી |
| ૩ | Proprietary Article Certificate(PAC) | સત્તા નથી |

**(ક) સેક્રેટરીએટ ડીપાર્ટમેન્ટલ પરચેઝ સમિતિ (SDPC)**

| **ક્રમ** | **ખરીદીનો પ્રકાર** | **ખરીદીની મંજુરી અંગેની નાણાકીય મર્યાદા** |
|---|---|---|
| ૧ | સામાન્ય ખરીદી | રૂ.૭૫ લાખથી વધુ અને રૂ.૫ કરોડ સુધી |
| ૨ | સોલીટરી ઓફર | રૂ.૧૦ લાખથી વધુ અને સુધી રૂ.૫૦ લાખ સુધી |
| ૩ | Proprietary Article Certificate(PAC) | રૂ.૧૦ લાખ સુધી |

**(ડ) સેક્રેટરીઝ પરચેઝ સમિતિ (SPC)**

| ક્રમ | ખરીદીનો પ્રકાર | ખરીદીની મંજુરી અંગેની નાણાકીય મર્યાદા |
|---|---|---|
| ૧ | સામાન્ય ખરીદી | રૂ.૫ કરોડથી વધુ |
| ૨ | સોલીટરી ઓફર | રૂ. ૫૦ લાખથી વધુ |
| ૩ | Proprietary Article Certificate(PAC) | રૂ.૧૦ લાખથી વધુ |

**૬. Proprietary Article Certificate (PAC) આઇટમ /બ્રાન્ડેડ આઇટમ ની ખરીદી:**

સામાન્ય રીતે કોઈ ચોક્કસ આઈટમ માટે એક જ ઉત્પાદક બજારમાં ઉપલબ્ધ હોય અને સદર ચોક્કસ આઈટમની વિશિષ્ટ જરૂરિયાત હોય તેવા કિસ્સામાં બ્રાન્ડેડ આઈટમ/PAC આઈટમ ની ખરીદી કરવી યોગ્ય રહે. તેમજ બ્રાન્ડેડ આઈટમ/PAC આઇટમ ચીજવસ્તુઓની ખરીદી માટે સબંધિત ખાતા/વિભાગના સચિવશ્રીનું ટેકનીકલ સ્પેશીફીકેશન અને ભાવના વ્યાજબીપણાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

નોંધ: બ્રાન્ડેડ /PAC ચીજવસ્તુઓની ખરીદી માટે નીચેની શરતો પરિપૂર્ણ થતી હોવી જોઈશે.

(અ) બ્રાન્ડેડ આઈટમ/PAC ચીજવસ્તુઓની ખરીદવા માટે જે-તે વિભાગના સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રીનું પ્રમાણપત્ર તથા બજેટ જોગવાઈ અને વહીવટી મંજૂરીની નકલ.

(બ) બ્રાન્ડેડ આઈટમ/PAC ચીજવસ્તુઓ ખરીદી માટેની તાંત્રિક યથાર્થતા (ટેકનીકલ જસ્ટીફીકેશન રીપોર્ટ) તથા ખાતાના વડાની સ્પષ્ટ ભલામણ.

(ક) બ્રાન્ડેડ આઈટમ/PAC આઇટમની ખરીદીની શરતો અને સબંધિત સહિત્ય અને ભાવની યથાર્થતા અંગેની વિગત.

(ડ) ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તો ટેન્ડર ઈન્કવાયરીની વિગત અને કેસની ગુણવત્તા અનુસાર અન્ય સબંધિત માહિતી.

**૭. GeM પર ખરીદી માટે અનુસરવાની પધ્ધતિ**

| ક્રમ | નાણાકીય મર્યાદા | ખરીદીની પધ્ધતિ |
|---|---|---|
| ૧ | રૂ.૨૫,૦૦૦ સુધી | Direct Purchase/Bid |
| ૨ | રૂ.૨૫,૦૦૦થી વધુ અને રૂ.૫ લાખ સુધી | GeM Suggested L-1 / Bid |
| ૩ | રૂ.૫ લાખથી વધુ | Bid અને/અથવા Reverse Auction |

(નોંધ : ખરીદકર્તા કચેરીએ મુદા નં.૯ ની સુચનાઓ વંચાણે લીધા બાદ ખરીદીની પધ્ધતિ અપનાવવી)

## ૮. પેમેન્ટ

Government e Marketplace (GeM) હેઠળ થનાર ખરીદી માટે હાલમાં રાજ્ય સરકારના Escrow Account મારફત પેમેન્ટ થઈ શકશે. પ્રસ્તુત Escrow Account અધિક ઉદ્યોગ કમિશનરશ્રી, સરકારી ખરીદી (સ.ખ.-CSPO)ના નિયંત્રણમાં રહેશે. ભવિષ્યમાં ઓનલાઈન પેમેન્ટ માટે સરકારશ્રીનાં IFMS તથા નાણાકીય નિયમોમાં નાણા વિભાગ દ્વારા જરૂરી સવલતો-સત્તા સોંપણી અંગેના નિયમો બનાવવામાં આવશે. જે અમલી થયેથી ઓનલાઈન પેમેન્ટ થઈ શકશે. આ અંગેના વિગતવાર હુકમો નાણા વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવશે. તે દરમ્યાનમાં હાલમાં પ્રવર્તમાન પધ્ધતિ દ્વારા જે તે કચેરીએ ચુકવણું કરવાનું રહેશે.

## ૯. GeM પર ખરીદી માટેની સામાન્ય સુચનાઓ:

(અ)ખરીદકર્તા કચેરીએ તેઓને મળેલ વહીવટી મંજુરીમાં દર્શાવેલ ખરીદીના કુલ જથ્થાના ભાગ (Split)કરી ખરીદી કરી શકશે નહિ. એટલે કે વહીવટી મંજુરીમાં દર્શાવેલ જથ્થાની ખરીદી એકી સાથે કરવાની રહેશે.

(બ)GeM પર ખરીદી માટે બીડ કરવાથી સ્પર્ધાત્મક ભાવો મળે છે. આથી રૂ.૫ લાખ સુધીની ખરીદીમાં GeM Suggested L-1 ને બદલે બીડ કરવાથી ઓછા ભાવ મળવાની શક્યતા છે કેમ કે GeM Suggested L-1 માં સેલર્સના અપલોડ કરેલ ભાવથી ખરીદી થાય છે, બીડમાં સેલર L-1 થવા માટે તથા ડીલીવરી લોકેશનની ધ્યાને લઇ અપલોડ કરેલ ભાવમાં ઘટાડો કરે છે અને પરિણામે સરકારી નાણાંની બચત થાય છે.

(ક)ખરીદકર્તા કચેરી દ્વારા બીડમાં ચીજ-વસ્તુ/સેવાને સુસંગત ટર્મ્સ અને કન્ડીશન્સ રાખવાની રહેશે, બિન-જરૂરી શરતો, સર્ટીફિકેટ તથા ડોક્યુમેન્ટ્સ માંગીને સ્પર્ધા મર્યાદિત કરી શકાય નહી.

(ડ) ખરીદકર્તા કચેરી દ્વારા બીડમાં ભાગ લીધેલ બીડરોને અમાન્ય(Disqualify) કરતી વખતે અમાન્ય થવાના વિગતવાર કારણ લખીને અમાન્ય કરવાના રહેશે.

(ઈ)રાજ્યના માઇક્રો, સ્મોલ એકમો તથા સ્ટાર્ટ અપ એકમોને સરકારી ખરીદીમાં લાભ મળે તે માટે ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ રાજ્યની ખરીદ નીતિ, ઠરાવો, પરિપત્રો તથા વખતોવખતના સુધારાને ધ્યાને લઇ બીડ પ્રસિધ્ધ કરવાનું રહેશે.

## ૧૦. ન્યાયક્ષેત્ર

Government e-Marketplace (GeM) મારફતે થતી ખરીદી બાબતે ઉપસ્થિત થનાર કાયદાકીય બાબતોનું ન્યાયક્ષેત્ર ખરીદકર્તા કચેરી જે સ્થળે હશે તે સ્થળ રહેશે. આ બાબતનો ઉલ્લેખ ખરીદીના વર્કઓર્ડરમાં થાય તેની તકેદારી ખરીદકર્તા કચેરીએ રાખવાની રહેશે.

## ૧૧. અમલીકરણ

(અ)રાજ્ય સરકારના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિગેરે દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલ મારફતે જ કરવાની રહેશે.

(બ)Government e-Marketplace (GeM) મારફતે થતી ખરીદીમાં ઉપસ્થિત થતા પ્રશ્નો/રજુઆતો બાબત ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી દ્વારા અભિપ્રાય સહ ઉદ્યોગ અને ખાણ વિભાગને અહેવાલ કરવામાં આવશે જે અંતિમ અને બંધનકર્તા રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૪-૦૬-૨૦૧૯, તા.૦૪-૦૮-૨૦૨૦ તથા તા. ૧૭-૧૨-૨૦૨૦ તેમજ સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ શાહ)
નાયબ સચિવ(ઉદ્યોગ)
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

(૧) *માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૩) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૪) તમામ માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
(૫) તમામ માન.રા.ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
(૬) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૭) સચિવાલયના સર્વે વિભાગ (સંબંધિત વિભાગના તાબા હેઠળના ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓને જાણ કરવાની વિનંતી સહ)
(૮) *સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, સચિવાલય, ગાંધીનગર
(૯) *સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, જી.પી.એસ.સી. ભવન, ગાંધીનગર
(૧૦) ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળના તમામ ખાતાના વડા(તાબા હેઠળની કચેરીઓને જાણ કરવાની વિનંતી સહ)
(૧૧) અધિક ઉદ્યોગ કમિશનરશ્રી(સ.ખ.), ઉદ્યોગ ભવન, ગાંધીનગર
(૧૨) તમામ કલેક્ટરશ્રી
(૧૩) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
(૧૪) શાખા સિલેક્ટ ફાઈલ
(૧૫) કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ

---

*પત્ર દ્વારા